પ્રાંતિજ ખાતે ધારાસભ્ય ની ઓફિસમાં બેઠેલ

કોર્પોરેટર અને ભાજપ શહેર પ્રમુખ ઉપર હુમલો કરી માર મારતા લુંટ કરી ઓફિસ માં તોડફોડ કરતા અગિયાર વિરૂધ્ધ પોલિસ ફરીયાદ

(પ્રતિનિધિ) પ્રાંતિજ, સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા ભોઈવાસ વિસ્તાર માં બનાવવામાં આવી રહેલ કોમ્યુનીટી હોલ ને લઈને ભોઈ સમાજ ના બે જુથ વચ્ચે રહેલ બોલાચાલી આખરે નગર પાલિકા સુધી પહોચી હતી જેમાં કોમ્યુનીટી હોલ નું કામ નહી થવા દેવા ને લઈને એક જુથ ના કેટલાક ઈસમો એકસંપ થઈ ને સમાજના યુવક તથા કોર્પોરેટર અને ભાજપ શહેર પ્રમુખ ને મારમારી લુંટ કરી જાનથી મારીનાખવાની ધમકી આપવામાં આવતાં અગિયાર વિરૂધ્ધ પોલિસ ફરીયાદ થઈ છે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ભોઈવાસ ખાતે આવેલ મહાકાલી મંદિર પાસે બનાવવામાં આવેલ કોમ્યુનિટી હોલનું કામ નહી થવા દેવા સારૂ એકસંપ થઈ ગુનાહિત કાવતરૂ રચી તેઓને સમાન ઈરાદો પાર પાડવા સ્થળ ઉપર જઈને વિપુલભાઈ કાન્તીભાઈ ભોઈ તથા કાન્તીભાઈ પરષોત્તમ ભાઈ ભોઈને નઠારી ગાળો બોલી વિપુલભાઈ ને ગડદાપાટુનો મારમારી તથા આરોપી કુણાલભાઈ મહેશભાઈ ભોઈ વિપુભાઈ ને માથામાં લોખંડ નો સળીયો મારી ઈજા કરી તેમજ ફરીયાદી વિજય પટેલ ને ઓફિસ માં જઈને હુમલો કરી અંદર ધુસી જઈ ફરીયાદી તથા નગરપાલિકા કોર્પોરેટર તથા બાંધકામ સમિતિ ના ચેરમેન ધવલ ભાઈ રાવલ ને આરોપી રમેશભાઈ મંગાભાઈ ભોઈ , ઉત્તમ ભાઈ વાસુભાઈ ભોઈ , નિતીનભાઈ અશોકભાઈ ભોઈ ના ઓએ ધવલભાઈ ના ગળામાં પહેરેલ સોનાનો દોરો આશરે બે તોલા નો તથા ડાબા હાથે પહેરેલ સોનાની વીંટી આશરે પોણા તોલાની મળી કુલ- ૭૫૦૦૦ ની મત્તાની લુંટ કરી આરોપી કુણાલભાઈ મહેશભાઈ ભોઈ , વિજયભાઈ અંબાલાલ ભોઈ , મુકેશભાઈ અશોકભાઈ ભોઈ , મહેશભાઈ દેવાભાઈ ભોઈ તથા બીજા ત્રણ ઈસમો એ ઓફિસ મા ખુરસીઓ તથા ટયુબ લાઈટ વિગેરે ની તોડફોડ કરી નુકશાન કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતાં પ્રાંતિજ પોલિસ સ્ટેશન માં ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ ભાઈલાલ ભાઈ પટેલ દ્વારા પોલિસ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલિસે આઈપીસી કલમ- ૩૯૫, ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૯, ૪૫૨, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬,(૨) ૪૨૭ , ૧૨૦ મુજબ ગુનોનોધી આગળ ની તપાસ હાથધરી છે.

ઝઘડીયા તાલુકાના રાજપારડીમાં હજરત ગેબનશાહ બાવાના ઉર્ષની ૨૧ અને ૨૨મીએ ઉજવણી કરાશે

(તસ્વીરઃ- વિરલ રાણા, ભરૂચ)

(પ્રતિનિધિ) ભરૂચ, ઝઘડીયા તાલુકાના રાજપારડી ગામે કોમી એકતાના પ્રતીક સમા પીરે કરામતે ઓલિયા હજરત ગેબનશાહ બાવાના ઉર્ષની ઉજવણીના બે દિવસીય કાર્યક્રમની તૈયારીઓ દરગાહના સંચાલકો દ્વારા શરૂ કરવામાં આવી છે ઉર્ષ નિમિતે કવ્વાલીનો પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

ઝઘડીયા તાલુકાના રાજપારડી ખાતે આવેલ ગેબનશાહ દરગાહ ખાતે કોમી એકતાના પ્રતીક સમા ઉર્ષના બે દિવસીય કાર્યક્રમની તૈયારીઓનો ધમધમાટ દરગાહ સંચાલકો દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. દરગાહ સંચાલકોના જણાવ્યા મુજબ આગામી ૨૧ અને ૨૨મી જાન્યુઆરીના રોજ ઉર્ષની ઉજવણી કરવામાં આવશે. તા.૨૧મીના રોજ બપોરે ૩ વાગે પટેલ નગર સૈયદ બાપુના નિવાસ્થાનેથી સદલ નીકળી દરગાહ શરીફ પહોંચી સંદલ શરીફની વિધિ સંપન્ન કરવામાં આવશે. તા.૨૨મીના રોજ ઉર્ષની પરંપરાગત ઉજવણી કરવામાં આવશે. ઉર્ષના દિવસો રાત્રે કવ્વાલીની રમઝટ જામશે જેમાં મુંબઈના કવ્વાલ અઝીમ નાઝા તથા પુનાના કવ્વાલ સુલતાન નાઝા કવ્વાલીનો કાર્યક્રમ રજુ કરશે.★

ભૂકંપપ્રૂફ મકાનની ડિઝાઈન બનાવનાર ૮ યુવા આર્કિટેક્સને ઇન્ટરનેશનલ એવોર્ડ

અમદાવાદ, વર્લ્ડ બેન્ક યુનાઈટેડ નેશન્સ-યુએન હેબિટાટ, એર બીએનબી, જીએફડીઆરઆર (ગ્લોબલ ફેસિલિટી ફોર ડિઝાસ્ટર રિડકશન એન્ડ રિકવરી) અને બિલ્ડ એકેડેમી દ્વારા ભૂકંપ, પૂર સહિતની કુદરતી આફતનો પ્રતિકાર કરી શકે તેવા મકાનની ડિઝાઈન કરવાની સ્પર્ધામાં અમદાવાદની સેપ્ટ યુનિવર્સિટીમાંથી પાસઆઉટ આઠ આર્કિટેક્ટ્સની ટીમ કમ્પાર્ટમેન્ટ એસ-૪ને વિજેતા જાહેર કરવામાં આવે છે. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના આવેલા વિનાશક ભૂકંપ અને તેની વિનાશક અસરોને ધ્યાનમાં રાખીને આ ડિઝાઈન તૈયાર કરી છે.

આ સ્પર્ધામાં વિશ્વના ૧૨૦ દેશના ૩૦૦૦થી વધુ આર્કિટેક્ટ્સે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધકોએ તૈયાર કરેલી ડિઝાઈન સાથે એવી પણ શરત મૂકવામાં આવી હતી કે જેનો ઉપયોગ કરીને મજૂરીના મટિરિયલના અને માલની હેરફેર કરવાના ખર્ચ સાથે ૧૦,૦૦૦ અમેરિકી ડોલરમાં ઘરનું બાંધકામ થઈ જવું જોઈએ. ભૂકંપના ઝોન-૫માં આવતાં ઉત્તર કાશી, ઉત્તરાખંડના પર્વતીય વિસ્તારને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી છે. ડિઝાઈનમાં સ્થાનિક વિસ્તારમાં તેને માટેની સામગ્રી અને ટેકનોલોજી આસાનીથી મળી શકે છે તથા આ સામગ્રીને નાની પિકઅપ વાનમાં લઈ જઈ શકાય તેમ છે. તેની મદદથી ડિઝાઈન કરેલ મકાનના કન્સ્ટ્રક્શનનો ખર્ચ ૫૫૦૦ અમેરિકી ડોલર સુધી સીમિત કરી શકાય છે. કમ્પાર્ટમેન્ટ એસ-૪ની ટીમે પર્વતીય વિસ્તાર અને સામાન્ય ભૂપુષ્ટ પર બાંધકામ કરવા માટેની ડિઝાઈન રજૂ કરી હતી. ખાસ કરીને રીકટર સ્કેલ પર ૭ની તીવ્રતા ધરાવતો ભૂકંપ આવે તો તેનો પ્રતિકાર કરી શકે તેવી ડિઝાઈન રજૂ કરી હતી. તેમાંય ભૂકંપ સાથી ભેખડ ધસી પડવાની ઘટના સામે રક્ષણ આપે તેવા બાંધકામની ડિઝાઈન તૈયાર કરી હતી. તેનું માળખું લાકડાંથી તૈયાર કરવાનો આઈડિયા રજૂ કરવામાં આવ્યો હતો. આમ બાંધકામ અંગેની સ્થાનિક જાણકારી અને બાંધકામ અંગેની આધુનિક ટેકનોલોજી વચ્ચે સમતુલા ઊભી કરીને ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. આ ડિઝાઈનથી ઘર બનાવવા માટે નિષ્ણાંત કે પછી સ્થાનિક સ્તરે કામ ન કરતાં હોય કે તે વિસ્તારની બહારના ક્રાફ્ટ્સ મેનની પણ જરુર ન પડે તેની તકેદારી રાખવામાં આવી હતી.

અમદાવાદની બિલ્ડ એકેડેમી એવોર્ડ વિજેતા બનેલી ટીમના સભ્યોમાં અમન અમીન, કિશન શાહ ક્રિષ્ણા પરીખ, માનુની પટેલ, મોનિક શાહ, નિશિતા પરમાર, પ્રાસિક ચૌધરી અને વેદાન્તી અગરવાલનો સમાવેશ થાય છે. અમદાવાદની આર્કિટેક્સની ટીમના સભ્યોનું કહેવું છે કે, દર વરસે વાવાઝોડા હીટવેવ, ભૂકંપ અને પૂર જેવી કુદરતી આફતોને વિશ્વના કરોડો લોકો જાન ગુમાવી રહ્ય છે અથવા તો તેની ગંભીર અસરનો ભોગ બની રહ્યા છે. કુદરતી આફતોને કારણે છેલ્લાં ૨૩ વર્ષ દરમિયાન દુનિયામાં કુલ ૪.૧ અબજ લોકો ઘરવિહોણા બન્યા છે અથવા તો ઈજા પામ્યાછે. માનવ જીવનને તથા અર્થતંત્રને થતાં નુકસાનને ઓછું કરવા માટે કઠિન પરિસ્થિતિમાં ટકી શકે તેવા ઘર બાંધવા કે પછી તૈયાર કરવા માટે બિલ્ડ એકેડેમી, વર્લ્ડ બેન્ક ગ્રુપ એર બીએનબી, જીએફડીઆરઆર અને યુએન હેબિટાટ પ્રયાસ કરી રહી છે. આ માટે તેઓ આર્કિટેક્ટ્સ અને એન્જિનિયર્સની સેવાઓ લઈ રહ્યા છે. તેમની પાસેથી સારામાં સારી ડિઝાઈન તૈયાર કરાવડાવી રહ્ય છે. ખાસ કરીને આ ડિઝાઈન થકી ઘરની મજબૂતીની ગુણવત્તા અંગેની સમસ્યનો ઉકેલ મળી શકે તે માટેના પ્રયાસો કરી રહી છે. જેથી કુદરતી આપત્તિનો વારંવાર શિકાર બનતાં વિસ્તારોમાં તેનો ઉપયોગ કરી શકાય.

યુહો મોબાઇલ્સે યુહો વાસ્ટ પ્લસ અને યુહો વાયડ પ્રો સાથે ગુજરાત માર્કેટમાં પ્રવેશ કર્યો

Gujarat Launch

અમદાવાદ, ચાઈનાના અગ્રણી સ્માર્ટફોન મેન્યુફેક્ચરર્સ પૈકીના એક યુહો મોબાઈલ્સે આજે અમદાવાદમાં રેડિસન બ્લુ ખાતે આયોજિત પ્રેસ કાર્યક્રમમાં ગુજરાતમાં પોતાના પ્રવેશની જાહેરાત કરી હતી. બ્રાન્ડે પોતાના બે ન્યુ હાઈ એન્ડ ફીચરથી સજ્જ સ્માર્ટફોનઃ યુહો વાસ્ટ પ્લસ અને યુહો વાયડ પ્રોની રજૂઆત કરી હતી, જે બેસ્ટ-ઈન-ક્લાસ લૂક અને પર્ફોર્મન્સ ધરાવે છે તથા તે આકર્ષક કિંમત સાથે યુવા પેઢીની જરૂરિયાતોને પૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

યુહો મોબાઈલ્સના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર કેપ્ટન ચનપ્રિત સિંઘ તેમજ ડિરેક્ટર વુ યિરાન (માઈકલ)એ નવા યુહો ડિવાઈસિસને લોન્ચ કર્યાં હતાં.

યુહોનો મૂળભુત ઉદ્દેશ્ય યોગ્ય પ્રોડક્ટ, યોગ્ય સમય, યોગ્ય કિંમતે ઉપલબ્ધ કરાવવાનો તથા પારદર્શક અને અનુકૂળ કારોબારી પ્રવૃત્તિઓને આધારે ચેનલ પાર્ટનર્સ સાથે મજબૂત કારોબારી સંબંધ વિકસાવવાનો છે. કેટેગીરમાં બજાર હિસ્સો હાંસલ કરવા ઉપરાંત બ્રાન્ડ રિટેઈલર્સ તરફથી સકારાત્મક પ્રતિસાદ તથા દેશભરમાં ગ્રાહકો માટે ડાયનામિક અને સુસંગત પ્રમોશન દ્વારા ઈક્વિટીનું નિર્માણ કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

યુહોના બે નવા સ્માર્ટફોન ૪જી ડ્યુઅલ વોલ્ટી, બેટરીની લાંબી આવરદા, ફર્સ્ટ-ઈન ક્લાસ ડિસ્પ્લે, પ્રોટેક્ટિવ બેક કવર તથા સેલ્ફીનો શોખ ધરાવતા યુવાનો માટે બેસ્ટ કેમેરા સહિતની વિશેષતાઓ સાથે બજારમાં હલચલ મચાવવા માટે સજ્જ છે.

યુહો મોબાઈલ્સના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર કેપ્ટન ચનપ્રિત સિંઘે જણાવ્યું હતું કે, ‘‘અમે વર્ષ ૨૦૧૬માં પ્રારંભ કર્યા બાદ ભારતના વિવિધ પ્રદેશો તરફથી સારો પ્રતિસાદ મેળવ્યો છે. અમારા માટે ગુજરાત અત્યંત મહત્વપૂર્ણ માર્કેટ છે અને અમને વિશ્વાસ છે કે ગુજરાતના ટેકનોલોજીમાં રૂચિ ધરાવતા યુવાનો તરફથી અમારા વિવિધ વિશેષતાઓ ધરાવતા વેરિઅન્ટ્સને સારો પ્રતિસાદ મળશે. અમારા ફોન બેસ્ટ ઈન કલાસ ફીચર્સથી સજ્જ અને યુઝર ફ્રેન્ડલી છે.’’

યુહો મોબાઈલ્સના ડિરેક્ટર વુ યિરાન (માઈકલ)એ જણાવ્યું હતું કે, ‘‘ભારત મોટું અને વૈવિધ્યસભર માર્કેટ ધરાવે છે અને વિશ્વમાં સૌથી ઉંચો જીડીપી ધરાવે છે. હજી પણ સ્માર્ટફોનનું પેનિટ્રેશન આશરે ૪૦-૫૦ ટકા છે. બજારની જરૂરિયાતોને સમજીને મેન્યુફેક્ચરર્સ માટે પેનિટ્રેશન વધારવાની ઘણી તકો છે. આ ઉપરાંત માર્કેટ અત્યંત સ્પર્ધાત્મક છે. વિવિધ પ્રોફિટ સેન્ટર્સ રાખવું હવે શક્ય નથી. આથી અમે ભારતમાં અમારા (યુસીટી) અને કેપ્ટન ચનપ્રિત સિંઘ વચ્ચેના સંયુક્ત સાહસથી કારોબાર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. અમારું મીશન ભારતીય ગ્રાહકોને વાજબી કિંમતે અદ્યતન મોબાઈલ ટેકનોલોજી ડિલિવર કરવાનો છે.

આમોદ તાલુકાના આસનેરા ગામે ગતરોજ રાત્રીના સમયે અજાણ્યા હાઈવાચાલકે ગામનાપીકઅપ સ્ટેન્ડમાંપોતાનું હાઈવાઘુસાડીદેતાપીક અપ સ્ટેન્ડનું નામોનિશાન મિટાવી દીધું હતું જોકે રાત્રીના સમયે કોઈ મુસાફરનાહોવાથીજાનહાનીટળીહતી.આમોદપોલીસેગામનામહિલા સરપંચનીફરિયાદનેઆધારેઅજાણ્યાહાઈવાચાલકવિરૂદ્ધગુનોનોંધી કાયદેસરનીકાર્યવાહીહાથધરીહતી.(તસ્વીરઃ-વિરલરાણા ,ભરૂચ)

આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસ દ્વારા “અભિવ્યક્તિ” કાર્યક્રમ યોજાયો

(તસ્વીરઃ-અશોક જોષી, વલસાડ)

(પ્રતિનિધિ) વલસાડ, વાપી સ્થિત આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસ દ્વારા ‘‘અભિવ્યકિત’’ કાર્યક્રમ યોજાયો હતો. અભિવ્યક્તિ કાર્યક્રમ અંતર્ગત આંતર કોલેજ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. જેમાં ૨૯ કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં હેન્ડીક્રાફટ, રંગોલી, સલાડ મેકિંગ, કાવ્યપઠન, નેઈલ આર્ટ, સોલો સોંગ જેવી ૬ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના ચેરમેન મિલન દેસાઈએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. સ્પર્ધા અંગે પ્રા.ચિત્રા શેઠે સ્પર્ધા અંગેની ટૂંકી રૂપરેખા રજુ કરી હતી. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા તથા વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ટ્રોફી તથા પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ અંતે ડો. પિંકલ પટેલ દ્વારા કાર્યક્રમની આભારવિધિ વ્યકત કરી હતી. આ પ્રસંગે કેમ્પસ ડાયરેકટર ડો. આર.સી. ગાંધી, ડો. પ્રિતિ ચૌહાણ અને પ્રા. મિત્તલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.★

બાલાસિનોર સાલિયાવડી દરવાજા પાસે આવેલ સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય શાકોત્સવ યોજાયો હતો આ શાકોત્સવ છેલ્લા કેટલાય સમયથી ઉજવવામાં આવે છે આ ઉત્સવમાં હરીભકતોએ બાજરીના રોટલા ઘી ,ગોળ ,રીંગણનુ શાક અને કડીખીચડી સ્વાદ માણ્યો હતો આ શાકોત્સવમાં બાલાસિનોર નગરમાથી મોટી સંખ્યામાં હરીભકતોએ લ્હાવો લીધો હતો સ્વામીનારાયણસંપ્રદાયમાં સૌથી વધુમહત્વ ગણાયકે ભગવાનસ્વામિનારાયણેલોપાધામમાંદિવ્યશાકોત્સવમાંહરીભકતોના મનોરથપુણેકરવામાટે૧૮મણઘીમાં૮૦મણરીંગણનોવગારકરીશાક બવાવીહરીભકતોનેજમાડવામાંઆવ્યાહતા ત્યારથીસ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં શાકોત્સવ મનાવવામાં આવે છે
(તસ્વીરઃ-વિપુલ જોષી , વિરપુર)

મોડાસા કેળવણી મંડળ સંચાલિત બી-કનઈ સ્કૂલમાં સ્પોર્ટ્સ ડે ની ઉજવણીમાં મંડળના પ્રમુખ બીપીન શાહ, મંત્રી કૃષ્ણજીવન શાહ, ધીરેન પ્રજાપતિ, કનુ ભાઈ પટેલ, સ્કૂલના પ્રિન્સિપાલ કુંદનસિંહ રાઠોડ દ્વારા મશાલ પ્રજ્વલિત કરી પ્રારંભ કર્યો હતો જેમાં વિવિધ રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું વિજેતા સ્પર્ધકોને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા પરંપરાગત રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું સ્પોર્ટ્સ ડે ની ઉજવણીમાં શાળા પરિવારે પણ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ બાળકોને રમત-ગમત નું મહત્વ સમજાવ્યું હતું. (તસ્વીરઃ- ઈકબાલ ચિસ્તી , મોડાસા)

નડીઆદના પશ્ચિમ વિસ્તારમાં વારંવાર થતી ચોરીના બનાવને લઈ જિલ્લા પોલીસને આવેદનપત્ર અપાયું

(તસ્વીરઃ- સાજીદ સૈયદ, નડિયાદ)

(પ્રતિનિધિ) નડિઆદ, નડીઆદના પશ્ચિમ વિસ્તારમાં વારંવાર થતી ચોરીને લઈને આજે પશ્ચિમ વિસ્તારની સોસાયટી જેવી કે જે.કે. પાર્ક, મધર મેરી, સંત યોગીરાજ, રિષી બંગ્લોઝ, નવરંગ ટાઉનશીપ જેવી અલગ-અલગ સોસાયટીના રહીશો ધ્વારા આજે જિલ્લા પોલીસ વડાની કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે છેલ્લા બે-ત્રણ માસથી બેફામ ચોરીઓનો બનાવ બનતો રહે છે અને તે પણ ગરીબ અને મધ્યમ વર્ગના દરદાગીના અને રોકડ રકમની ચોરી થાય છે અને દિવસે અને રાત્રે ચોરીઓ થાય છે પણ આજ દિન સુધી કોઈ ચોર પકડાયેલ નથી નડીઆદના પશ્ચિમ વિસ્તારમાં ૧૭૦૦થી ૨૦૦૦ રહેણાંક સોસાયટીઓ આવેલ છે અને આ વિસ્તારમાં થોડા થોડા દિવસે ચોરીઓ થાય છે તેવું પશ્ચિમ વિસ્તારના નાગરિક શાંતિલાલ વાઘેલાએ જણાવ્યું હતું તેઓની માંગ છે કે પોલીસ અમારા માલ-મિલ્કતની રક્ષણ માટે ચોરોને જેલ હવાલે કરે અને નેસ્ત નાબુદ કરે નડિયાદ પશ્ચિમ પોલીસ સીસીટીવી કેમેરાની તપાસ કરી રહી છે અને પોલીસની અપીલ છે કે જો તમે ઘરની બહાર જવાનું થાય તો તમે પોલીસ સ્ટેશને જાણ કરીને જવાની અપીલ કરી હતી અને જો તમે તમારુ ઘર બંધ કરીને બહાર જાઓ છો તો પોલીસને જાણ કરવી જો સ્થાનિકોનો સહયોગ મળે તો ચોરીના બનાવો અટકી શકે છે.★

મોડાસાશહેરમાંનવયુવાનોનાજનસેવાસેતુગ્રુપનાયુવાનોએનગરનાફૂટપાથ અને ઝુપડપટ્ટી માં રહેતા ગરીબ પરિવારો અને તેમના બાળકોને ગાત્રો થીજાવતીઠંડીમાંરક્ષણમળીરહેતેમાટેસ્વેટરઅનેકપડાંનુંવિતરણકર્યુંહતું જનસેવા સેતુ ગ્રુપના વંદન રાવલ ,યશ દવે , પ્રેરક ઉપાધ્યાય , સાત્વિક દેરાસરી ,રિધિમ ભટ્ટ , પાર્થ રાઠોડ સહિતના યુવાનોએ અન્ય યુવાનો માટે સેવાકીયપ્રવૃત્તિનીનવીરાહચીંધીહતી(તસ્વીરઃ-ઈકબાલચિસ્તી ,મોડાસા)

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ના ઇન્સ્પેક્ટર ની બદલી થતાં પોલિસ સ્ટાફ દ્વારા વિદાય સંભારભ યોજાયો

(તસ્વીરઃ-મનુભાઇ નાયી, પ્રાંતિજ)

પ્રાંતિજ, સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલિસ સ્ટેશન મા પીએસાઈ તરીકે ફરજ બજાવતા જોધ્ધા નરેન્દ્રસિંહ વિજયસિંહ ની અમદાવાદ ખાતે બદલી થતાં પ્રાંતિજ પોલિસ સ્ટાફ મિત્રો દ્વારા વિદાય સમારોહ યોજાયો

પ્રાંતિજ પોલિસ સ્ટેશન માં પીએસાઈ તરીકે ફરજ બજાવતા ઈન્સ્પેકટર જોધ્ધા નરેન્દ્રસિંહ વિજયસિંહ ની સરકારી નિતી નિયમો મુજબ પ્રાંતિજ પોલિસ સ્ટેશન માંથી અન્ય સ્થળે અમદાવાદ ખાતે બદલી થતાં પ્રાંતિજ પોલિસ સ્ટેશન સ્ટાફ દ્વારા વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો જેમા પ્રાંતિજ પી.આઈ કે.બી.પટેલ તથા પોલિસ સ્ટાફ તથા પોલિસ મિત્રો દ્વારા પીએસાઈ જોધ્ધા ને શ્રીફળ , ફુલ હાર પહેરાવીને મોઢુ મીઠું કરાવી ને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.★

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલયમાં અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.એન. આર.એ. વિદ્યાલયના શિક્ષકો સાથે બેઠક યોજાઈ હતી. શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલનું જન સેવા સંઘના આગેવાન ગીરીશભાઈ ઉપાધ્યાય, રોહિતભાઈ ત્રિવેદી ,આચાર્ય વી.ટી.ચૌહાણ, સ્ટાફ પરીવારે સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી કચેરીના ઈ.આઈ. સહિત શાળાનો સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. (તસ્વીરઃ- જીત ત્રિવેદી, ભિલોડા)

મેઘરજમાં કરુણા અભિયાન અંતગર્ત ફોરેસ્ટ વિભાગ અને આઈટીઆઈ દ્વારા રેલી યોજાયી

(તસ્વીર : આશિષ વાળંદ - મેઘરજ)

મેઘરજ, અરવલ્લી જીલ્લાના મેઘરજ ખાતે ગુરૂવારના રોજ નોર્મલ રેન્જ અને વિસ્તરણ રેન્જ તેમજ મેઘરજ આઈ ટી આઈ ના સંયુક્ત ઉપક્રમે નજીક આવતા ઉત્તરાયણના તહેવારના દિવસે ચાઈનીજ અને કાચવાળી દોરીથી નિર્દોષ પંખીઓ ઘાયલ થતા હોય છે અને અનેક ઘાયલ પક્ષીઓ મોતને ભેટતા હોય છે ત્યારે પક્ષીઓની સુરક્ષાને ધ્યાને લઈ ચાઈનીઝ દોરી અને ટુલ્સ ના વિરોધમાં આઈટીઆઈના વિદ્યાર્થીઓએ મેઘરજ નગરમાં રેલી યોજી હતી અને જણાવ્યુ હતુ કે પક્ષીઓ ઉડવાના સમયે સવારે ૬ થી ૯ અને સાંજ ના ૫ થી ૭ વાગ્યાના સમયગાળા દરમિયાન પતંગ ન ચગાવવા વિશે વિસ્તૃત માહીતી આપી હતી અને ઉત્તરાયણના તહેવાર દરમિયાન ઘાયલ પક્ષી જોવા મળે તો હેલ્પલાઈન નંબર ૧૯૬૨ ઉપર કોલ કરી જાણ કરવા સર્વે નગરજનોને માહિતગાર કરાયા હતા આ રેલીમાં આઈ.ટી.આઈ કોલેજના આચાર્ય આર.જી. પુરોહીત, આઈટીઆઈ કોલેજનો સ્ટાફ તેમજ નોર્મલ રેન્જ અને વિસ્તરણ રેન્જના આર.કે. ડામોર, પી.એલ, ડામોર, એન.એ. ડામોર, રાકેશભાઈ, વનવિભાગના સ્ટાફ કર્મીઓ મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા.

નામ બદલેલ છે

મેં મારૂ નામ **દેસાઈ મંજુલાબેન નાથુભાઈ** હતું તે બદલીને **દેસાઈ મંજુલાબેન અશોકકુમાર** રાખેલ છે. સરનામું : પો.વસાઈ, તા.ઈડર, ડી. સાબરકાંઠા

3242

આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

સીઆઈએનઃ L24110GJ1984PLC007301
રજિસ્ટર્ડ ઓફિસઃ પ્લોટ નંબર ૮૦૧/૨૩, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, ફેઝ-૩, વાપી-૩૯૬ ૧૯૫, જિલ્લો-વલસાડ, ગુજરાત. **વેબસાઈટઃ** www.aarti-industries.com

નોટિસ

આથી, નોટિસ દ્વારા જણાવવામાં આવે છે કે, સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટસ) નિયમન, ૨૦૧૫ના નિયમન ૨૯ સાથે નિયમન ૪૭ વાંચવું, અને તેને અનુસરીને કંપનીના ડાયરેક્ટર્સની મિટિંગ **રવિવાર, ૩ ફેબ્રુઆરી,** ૨૦૧૯ના રોજ, અન્ય બાબતોની સાથે સાથે, ૩૧ **ડિસેમ્બર,** ૨૦૧૮ના રોજ પુરા થતા ત્રિમાસિક અને અડધો વર્ષ ગાળાના ઓડિટેડ ફાઈનાન્સિઅલ પરિણામો અંગે વિચાર કરવા, મંજૂરી આપવા અને રેકોર્ડ પર લેવા માટે બોલાવેલ છે.

દર્શાવેલ નોટિસ કંપનીની વેબસાઈટ www.aarti-industries.com પર ઉપલબ્ધ છે અને સ્ટોક એકસચેન્જ બીએસઈ લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પરથી તેમજ નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટ www.nseindia.com પરથી પણ મેળવી શકાય છે.

આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી
એસડી/–
રાજ સરાફ
કંપની સેક્રેટરી

સ્થળ : મુંબઈ
તારિખ : ૧૦ જાન્યુઆરી ૨૦૧૯

કાયલ સિકયોરિટિઝ લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસ : શોપ નંબર 1, ન્યુ કલોથ માર્કેટ, રાયપુર દરવાજાની બહાર, અમદાવાદ - 380 002 Tel. No. : 079-29702983
Email ID : kayelsecurities@gmail.com Web: www.kayelsecurities.com
CIN No : L29219GJ1983PLC028990

નોટિસ

સેબીના (લીસ્ટીંગ ઓબ્લીગેશન તથા ડિસકલોઝર રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન, 2015 ના રેગ્યુલેશન 29 (1) (a) તથા રેગ્યુલેશન 47 (1) (a) અન્વયે નોટિસ પાઠવવામાં આવે છે કે **તારીખ 16 જાન્યુઆરી 2019, બુધવાર**ના રોજ બપોરે 5.00 કલાકે કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સની મિટિંગ કંપનીના રજીસ્ટર્ડ ઓફિસના સરનામે મળશે. જેમાં તારીખ 31મી ડીસેમ્બર 2018 ના રોજ પુરા થયેલા ત્રીમાસીક સમય ગાળાના અને નવ માસ ના અનઓડીટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજુર કરવામાં આવશે.

આ અંગની વિસ્તૃત માહિતી બીએસઈ લિમિટેડની વેબસાઈટ (www.bseindia.com) ઉપર ઉપલબ્ધ છે જયાં કંપનીના શેર્સ લીસ્ટેડ છે અને કંપનીની વેબસાઈટ (www.kayelsecurities.com) પર પણ ઉપલબ્ધ રહેશે.

કાયલ સિકયોરિટિઝ લિમિટેડ વતી
રાહુલ કાંકરીયા
મેનેજિંગ ડિરેકટર (DIN : 00294747)

તારીખ : 10-01-2019
સ્થળ : અમદાવાદ

જાહેર નોટિસ

ICICI Bank
ICICI Bank Limited

રજિ. ઓફિસ : લેન્ડમાર્ક, રેસ કોર્સ સર્કલ, વડોદરા ૩૯૦૦૦૭.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેન્ક ટાવર્સ, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેકસ, મુંબઈ ૪૦૦૦૫૧

સોનાની હરાજી અને નિમંત્રણ નોટીસ

આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ (‘‘આઈસીઆઈસીઆઈ બેન્ક’’) તેમના દ્વારા લેવામાં આવેલી (સુવિધા) સોનાની આભૂષણોની સામે તેમના બાકી રકમની ચુકવણી માટે નીચે જણાવેલા દેવાદારોને નોટિસ જારી કરવામાં આવી છે. અમે **૨૧મી જાન્યુઆરી, ૨૦૧૯** ના રોજ ગીરો મુકેલ સોનાના અલંકારોની હરાજી કરવા માટે મર્યાદિત છીએ કારણ કે તેઓ બાકી ચુકવણીમાં નિષ્ફળ ગયા છે. આઈસીઆઈસીઆઈ બેંક પાસે હિસાબને દૂર કરવા અથવા હરાજીની તારીખને કોઈ પૂર્વ નોટિસ વિના બદલવાની સત્તા છે. હરાજી ઓનલાઈન **૧૨ઃ ૩૦ થી ૩:૩૦** વાગ્યા વચ્ચે. યોજાશે. વિગતવાર નિયમો અને શરતો માટે, આપેલ વેબસાઈટમાં **https: //jewel-auction.procuretiger.com** લૉગ ઈન કરો. ઉધાર લેનાર મૃત્યુ પામેલ હશે તો તે કિસ્સામાં, તમામ શરતો તેમના કાનૂની વારસદારોને લાગુ પડશે.

લોન ખાતા નં.	ગ્રાહકનું નામ
શાખાનું નામ : અંજાર	
105805001245	લધા મેથા રબારી
શાખાનું નામ : ભચાઉ	
353705001317	જુસબભાઈ ઘાંચી
શાખાનું નામ : ભુજ	
008605003429	મેમુનાબેન ઓશમાનગની સમા
શાખાનું નામ : ભુજ આત્મારામ સર્કલ	
348705000492	આશાબેન શાહ
શાખાનું નામ : બોરસદ	
084605004388	રેખાબેન રશ્મિકાંત પટેલ
શાખાનું નામ : છોટાઉદેપુર	
280905000163	ખુમાનભાઈ હાટીયાભાઈ રાઠવા
શાખાનું નામ : દાહોદ-ગુજરાત	
046605008253	આરતીબેન રામચંદ્ર મિશ્રા
શાખાનું નામ : ધનસુરા, ગુજરાત	
364005001748	ભીલાભાઈ પરબતભાઈ પટેલ
364005001715	હર્ષદભાઈ દિનેશચંદ્ર જયસ્વાલ
364005001719	જશુભાઈ જીવાભાઈ ભરવાડ
364005001754	રતીલાલ કાળાજી પરમાર
364005002207	દિનેશભાઈ ચુનીલાલ સુથાર
શાખાનું નામ : ધ્રાંગધ્રા, ગુજરાત	
363505001683	જમેશભાઈ બીજલભાઈ મેવાડા
363505001547	નવઘણભાઈ ઘેલાભાઈ ઘેલાડીયા
363505001797	અશોકભાઈ લક્ષ્મણભાઈ રબારી
363505003271	નરેશભાઈ રાઠોડ
શાખાનું નામ : ગાંધીધામ-આદીપુર	
244205000247	ગોવિંદભાઈ સુંબાડ
શાખાનું નામ : ખંભાત	
183205003229	કમલેશભાઈ પટેલ
શાખાનું નામ : મોડાસા	
084905006902	અમૃતભાઈ ખાંટ
084905006926	હસમુખભાઈ ભરવાડ
શાખાનું નામ : નખત્રાણા	
328305000240	વિજયરાજજી મેઘરાજજી જાડેજા
શાખાનું નામ : નસવાડી	
381205000185	ગ્યાનેન્દ્ર મોતીલાલ તીવારી
381205000186	ગ્યાનેન્દ્ર મોતીલાલ તીવારી
શાખાનું નામ : પેટલાદ	
137305001704	નૈનેશકુમાર ટી હીંગુ
137305001748	જગદીશભાઈ પરમાર
શાખાનું નામ : રાજપીપળા	
137705002278	કમલેશભાઈ નટવરભાઈ પટેલ
137705002880	ફકરૂનીશા અલ્લાઉદ્દીન ડાયમા
શાખાનું નામ : સંખેડા	
382405000228	ભાવેશભાઈ મહેન્દ્રભાઈ સુથાર
શાખાનું નામ : સાયલા	
340105000423	મગનભાઈ નારણભાઈ બાવળીયા
શાખાનું નામ : સિધ્ધપુર	
183405003611	પ્રવિણકુમાર ધુળારામ પંડ્યા
શાખાનું નામ : સુરેન્દ્રનગર	
045305003032	મેરૂભાઈ હાજાભાઈ ભાંગારા
શાખાનું નામ : થાનગઢ	
170605009920	હંસરાજભાઈ ગેલાભાઈ પરમાર
170605009925	વિજયભાઈ શાંતુભાઈ ધાંધલ
શાખાનું નામ : વાંસદ	
200905002975	વનરાજસિંહ રામસિંહ ગોહીલ
શાખાનું નામ : વ્યારા	
139505001959	પિયુષ ચૌધરી
139505002678	જીજ્ઞેશકુમાર ક્રિશ્ચયન

તારીખ : ૧૧.૦૧.૨૦૧૯
સ્થળ : આણંદ, અરવલ્લી, છોટાઉદેપુર, દાહોદ, કચ્છ, નર્મદા, પાટણ, સુરેન્દ્રનગર, તાપી

સહી/-
અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ બેંક લિ. વતી